BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) ખાતે ત્રણ દિવસીય 'માય ભારત ફ્યુચર યુથ લીડર્સ બૂટકેમ્પ'નો પ્રારંભ





કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અંતર્ગત માય ભારત — અમદાવાદ દ્વારા અમદાવાદ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (**BAOU**) ખાતે ત્રણ દિવસીય રેસિડેન્શિયલ 'માય ભારત ફ્યુચર યુથ લીડર્સ બૂટકેમ્પ'નો ભવ્ય પ્રારંભ થયો છે.

જિલ્લા યુવા અધિકારી શ્રી પ્રિતેશ કુમાર ઝવેરીના નેતૃત્વ હેઠળ આયોજિત આ તાલીમ શિબિરનો શુભારંભ યુનિવર્સિટીના ગૌતમ હોલ ખાતે **BAOU**ના કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના વિદ્યાર્થી શાખાના નિયામક ડૉ. નિશા જોશી તેમજ કુલસચિવ શ્રી વી. ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ૧ સપ્ટેમ્બરથી ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ચાલનારા આ આવાસીય બૂટકેમ્પમાં ૩૫ ઉત્સાહી યુવા લીડર્સ અને વોલન્ટિયર્સ ભાગ લઈ રહ્યા છે. શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, વ્યક્તિત્વ વિકાસ, ટીમવર્ક, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રનિર્માણની ભાવના કેળવવાનો છે. તાલીમ દરમિયાન ભારત સરકાર દ્વારા પસંદ કરાયેલા નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા યુવાનોને વિવિધ પ્રવૃત્તિઓ અને તાલીમ સત્રો મારફતે માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમના પ્રથમ દિવસે તમામ ભાગ લેનાર યુવાનોને 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત'ના શપથ લેવડાવવામાં આવ્યા હતા અને આગામી ૧૦૦ સપ્તાહ સુધી ચાલનારા 'નશા મુક્ત ભારત અભિયાન'માં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કરાયા હતા.

Vrajkrishnbhumi પેજ:04 તારીખ:02/09/2026